જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૪/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૪૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૩૩૨ લીટર દેશી દારૂ, ૨૯૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૧ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૪૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૪૩/૧૭

**ક્રાઇમ બ્રાન્ચઃ** સંદીપ રામચન્દ્ર લક્ષ્ણમ (ઉ.વ.૨૮) (રહે.શ્રીહરી રેસીડેન્સી સાકાર સ્કુલ લેન્ડ ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૨૧/૪/૧૭ નારોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૪/૧૭ સવારના ૫/૫૯ પહેલાના કોઈપણ સમયથી તા.૧૫/૪/૧૭ સવારના ૭/૩૯ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિએ બનાવટી કાર્ડ વડે સુભાષબ્રિજ કાવેરી કોમ્પલેક્ષ, R.T.O.સામે, ખાતેના ICICI બેંકના ATM મશીનથી અને સરખેજ ચાર રસ્તા પાસે આવેલ ICICI બેંકના ATM માંથી નવ વાર એટીએમનો ઉપયોગ કરી સંદિપભાઈના ખાતામાંથી કુલ રૂપિયા ૩,૦૦,૦૦૦/- વિડ્રોલ કરી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

## દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૪૪/૧૭

**શહેરકોટડાઃ** રાજેશભાઇ ધિરૂભાઇ રાઠોડ (રહે. સ્વામી સમર્થ બિલ્ડીંગ, એસ.બી.આઇ.બેંકની સામે, પાટનકર પાર્ક, નાલાસોપારા, પાલગર, મહારાષ્ટ્ર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી માધુરીને તેના પતિ નિખીલ રવિન્દ્રભાઇ સોની (રહે.બીજી-૨, યોગેશવર પાર્ક, કાકડિયા હોસ્પિટલ પાસે બાપુનગર) (તા.૧૭/૧૧/૧૬ થી) લગ્નના બે મહીના બાદથી માધુરીબહેનને માનસીક ત્રાસ આપતા હોઈ માધુરીબહેન વા/ઓ નીખીલભઇ સોની (ઉ.વ.૨૦) એ તા.૨૦/૪/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સાસરીમાં પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.ડી ઉપાધ્યાય ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૪૫/૧૭**

**જીઆઈડીસી વટવાઃ** નરેશભાઈ ધનજીભાઈ કોઠારી (રહે.અશ્વમેધ બંગ્લોઝ વિભાગ-૫ શ્યામલ ચાર રસ્તા સેટેલાઈટ) એ તા.૨૧/૪/૧૭ નારોજ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૪/૧૭ રાતના ૮/૦૦ થી તા.૧૮/૪/૧૭ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન જીઆઈડીસી વટવા ફેઝ-૨ પ્લોટ નં સી/૧/૫૮ વર્ધમાન કેમીકલ ફેકટરીના ખુલ્લા કંપાઉન્ડમાંથી જુદી-જુદી ડાઈઝ કેમીકલની જુદા-જુદા દરની કેમીકલની કુલ થેલી-૬૦ કિમત રૂપિયા ૮,૨૭,૦૮૨/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ ઠાકોર ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૪૬/૧૭**

**ગાયકવાડ હવેલીઃ** મહમદ આરીફ અબ્દુલમજીદ મેમણ (રહે. મેદાનીવાડ મચ્છીપીર જમાલપુર) એ તા.૧૮/૪/૧૭ સાંજના ૫/૩૦ વાગે જમાલપુર ટેલીફોન એક્ષચેન્જની બાજુમાં સ્લોટર હાઉસ પાસે અલ્ટ્રા મારૂતી કાર નંબર જીજે ૦૧ એચએન ૬૯૦૧ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૧/૪/૧૭ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મહમદ આરીફ મેમણે તા.૨૧/૪/૧૭ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**છઠ્ઠા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૪૭/૧૭**

**નરોડાઃ** નરોડા ૧૦૮ સામે નવી બનતી સાઈટ શ્યામકુટીર-૨ ખાતે રહેતા અને ત્યા સાઈટ ઉપર કામ કરતા સવજીભાઇ ભગાભાઇ પટેલ (ઉ.વ.૪૦) (મુળ વતન ગામ-દેવગઢ બારીયા બુધાવાડા જી.પંચમહાલ) તા.૨૧/૪/૧૭ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે સાઈટના છઠ્ઠા માળે સળીયા બાંધવાનુ કામ કરતા હતા ત્યારે પાટીયુ ખસી જતા છઠ્ઠા માળેથી પટકાઈ જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે રૂદ્રાક્ષ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ સવજીભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી મહેન્દ્રસિહ માધુસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૪૮/૧૭**

**વટવાઃ** માયાબહેન ડો/ઓ પુનમચંદ્ર ગોરા (ઉ.વ.૨૫) (રહે. ઉમંગ ફ્લેટ લાંભા ચાર રસ્તાની સામે સન-રાઇઝ હોટલની પાછળ નારોલ વટવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૪/૧૭ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** જાગૃતીબહેન જયેશભાઇ શાહ (ઉ.વ.૫૫) (રહે.ગૌરવ ટાવર પ્રભાતચોક) એ અગમ્ય કારણસર તા.૨૧/૪/૧૭ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.સુશ્રી ગીતાબહેન રામજીભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કૃષ્ણનગરઃ** વિજય સન\ઓફ વિઠ્ઠલ પાર્ટ (રહે. શ્યામલ પાર્ક સોસાયટી નિકોલ નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૨૧/૪/૧૭ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)